सत्यमेव जयते

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૦૮/૦૨/૨૦૨૩. |
| કેસ દાખલ તારીખ | : | ૦૮/૦૨/૨૦૨૩. |
| કેસ નિકાલ તારીખ | : | ૨૦/૦૩/૨૦૨૬. |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૩ – ૦૧ – ૧૩ |
| આંક | : | |

# FORM - A

## મે. સુરતના સ્પેશ્યલ જજ (પોકસો) તથા ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.

### સ્પેશ્યલ પોકસો કેસ નંબર : ૬/૨૦૨૩.

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | પલસાણા પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૪૬૨૨–૦૭૯૯/૨૦૨૨. |
| **આક્ષેપિત ગુનાઓ** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮ મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપીઓ** | (૧) અજીતભાઇ સત્યવીરસિંગ ચૌધરી.<br>(૨) સનીર ઉર્ફે મોટીયા સત્યવાન જાટ. |
| **આરોપી નંબર : ૧ તરફે વિદ્વાન વકીલ** | શ્રી વી. આર. યાદવ. |
| **આરોપી નંબર : ૨ તરફે વિદ્વાન વકીલ** | શ્રી કે. યુ. મિસ્ત્રી. |

# FORM - B

| | | |
|---|---|---|
| **ગુનો બન્યા તારીખ** | **:** | ૨૩/૦૯/૨૦૨૨. |
| **ફરિયાદની તારીખ** | **:** | ૨૪/૦૯/૨૦૨૨. |
| **ચાર્જશીટની તારીખ** | **:** | ૦૮/૦૨/૨૦૨૩. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | **:** | ૧૦/૦૨/૨૦૨૩. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | **:** | ૧૮/૧૦/૨૦૨૩. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | **:** | ૧૨/૦૩/૨૦૨૬. |
| **ચુકાદાની તારીખ** | **:** | ૨૦/૦૩/૨૦૨૬. |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | **:** | લાગુ પડતું નથી. |

## –:: આરોપીઓની વિગત ::–

| | | |
|---|---|---|
| **આરોપી નંબર : ૧ નું નામ** | **:** | અજીતભાઇ સત્યવીરસિંગ ચૌધરી, રહેવાસી : ૨/૨, ઘર નંબર : ૫, પાંડેસરા જી.આઇ.ડી.સી. કોલોની, સાંઇ બાબા મંદિર પાસે, પાંડેસરા, સુરત. મૂળ રહેવાસી : ખરખડીમ, થાના– તાલુકો : લોહારૂ, જીલ્લો : ભીવાની (હરિયાણા). |
| **ધરપકડની તારીખ** | **:** | ૦૪/૦૧/૨૦૨૩. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૧૦/૦૨/૨૦૨૩. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ– ૪, ૬, ૮ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા. |

| | | |
|---|---|---|
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૩૮ દિવસ. |

| | | |
|---|---|---|
| **આરોપી નંબર : ૨ નું નામ** | **:** | સનીર ઉર્ફે મોટીયા સત્યવાન જાટ, રહેવાસી : ૫, રાહી પાર્ક, મકાન નંબર : ૧૯, તાલુકો : પલસાણા, જીલ્લો : સુરત તથા મકાન નંબર : ૧૩, ઊમિયાધામ રેસીડેન્સી, દેલાડવાઘ, ડીંડોલી, સુરત.<br>મૂળ રહેવાસી : ગામ : ઝોઝુકલા, થાના : ઝોઝુકલા, જીલ્લો : ચરખી દાદરી (ભીવાની), હરિયાણા. |
| **ધરપકડની તારીખ** | **:** | ૦૩/૦૨/૨૦૨૩. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૨૫/૦૫/૨૦૨૩. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૧૧૧ દિવસ. |

# FORM - C

## ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :–

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | ભોગ બનનારના પિતા. | ફરિયાદી | ૨૮ |
| (૨) | ભોગ બનનાર. | ભોગ બનનાર | ૩૨ |
| (૩) | નંદલાલ મોહનભાઇ પ્રજાપતિ. | તપાસ અધિકારી | ૪૬ |
| (૪) | દિલીપભાઇ સામસિંગભાઇ વસાવા. | પોલિસ સાહેદ | ૪૭ |
| (૫) | જયદીપભાઇ અમીતભાઇ બારોટ. | તપાસ અધિકારી | ૬૫ |

## ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :–

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૨૯ |
| (૨) | ભોગ બનનારનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન. | ૩૩ |
| (૩) | ભોગ બનનારના નિવેદનને સંલગ્ન સી.ડી. તથા કાગળો. | ૩૪ |
| (૪) | ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ. | ૩૫ |
| (૫) | ભોગ બનનારના બોનાફાઇડ સર્ટીફીકેટની નકલ. | ૩૬ |
| (૬) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૩૭ |
| (૭) | ભોગ બનનારના કપડાં કબજે કર્યાનું પંચનામું. | ૩૮ |
| (૮) | આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું. | ૩૯ |
| (૯) | આરોપી સૂરજસિંગના નમૂના એફ.એસ.એલ.ને મોકલ્યા અંગેની યાદી. | ૪૦ |
| (૧૦) | આરોપી અજીતસિંગના નમૂના એફ.એસ.એલ.ને મોકલ્યા અંગેની યાદી. | ૪૧ |
| (૧૧) | ભોગ બનનારના નમૂના એફ.એસ.એલ.ને મોકલ્યા અંગેની યાદી. | ૪૨ |
| (૧૨) | ભોગ બનનારનું મેડિકલ સર્ટીફીકેટ. | ૪૩ |

| | | |
|---|---|---|
| (૧૩) | સ્ટેશન ડાયરીના ઉતારાની પ્રમાણિત નકલ. | ૪૮ |
| (૧૪) | રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર. | ૬૬ |
| (૧૫) | એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ. | ૬૭ |
| (૧૬) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર. | ૬૮ |
| (૧૭) | એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ તથા સિરોલોજી તપાસણી અહેવાલ. | ૬૯ |
| (૧૮) | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ. | ૭૦ થી ૭૯ |

## -:: ચુકાદો ::-

(૧) હાલના કેસના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ-૪, ૬, ૮ મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એ મુજબની છે કે, તારીખ : ૨૩/૦૯/૨૦૨૨ ના રોજ ફરિયાદીની ભોગ બનનાર દીકરી, ઉંમર ૧૫ વર્ષ, ૩ માસનીને આરોપી નંબર : ૧ સાથે લગ્ન કરાવવા માટે આરોપી નંબર : ૨ તથા નાસતા ભાગતા આરોપી મોનિકા ઉર્ફે મોનુનાઓ ભોગ બનનારને સમજાવી આરોપી નંબર : ૨ તથા નાસતા ભાગતા આરોપી મોનિકા ઉર્ફે મોનુનાઓ ભોગ બનનારને ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી આરોપી નંબર : ૧ નાએ ભાડે કરી આપેલ મકાનમાં લઇ ગયેલા અને ત્યાર બાદ આરોપી નંબર : ૧ ના પાંડેસરા, જી.આઇ.ડી.સી. કોલોની, સાંઇ બાબા મંદિર પાસે આવેલા ઘર નંબર : ૧૫ માં મૂકી આરોપી નંબર : ૨ તથા નાસતા ફરતા આરોપી મોનિકા ઉર્ફે મોનુનાઓ પોતાના મૂળ વતન હરિયાણા ખાતે ભાગી ગયેલા અને તે દરમ્યાન આરોપી નંબર : ૧ નાએ ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી ભોગ બનનાર સાથે અવારનવાર શરીરસંબંધ બાંધેલ અને સદર ગુનાના આરોપી સુરજસિંગ ઠાકોરનાઓએ આરોપી નંબર : ૧ ની ગેરહાજરીમાં એક-બે વખત ભોગ બનનાર સાથે શરીરસંબંધ બાંધેલ. આ બનાવ અંગે ભોગ બનનારના પિતાએ પલસાણા

પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૪૬૨૨૦૭૯૯/૨૦૨૨ થી ગુનો નોંધવામાં આવેલ.

(૩) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને તપાસના અંતે આ કામના આરોપીઓ તથા અન્ય આરોપી સુરજસિંગ જયસિંગ ઠાકોરનાઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮ મુજબના ગુનાઓનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ, જે ચાર્જશીટ સ્પે. પોકસો કેસ નંબર : ૬/૨૦૨૩ થી નોંધાયેલ.

(૪) આ કામના આરોપીઓ સદર ગુનાના કામે જામીન ઉપર મુકત થયેલા છે. આ કામના આરોપીઓ તથા અન્ય આરોપી સુરજસિંગ જયસિંગ ઠાકોરનાઓ મુદતે કોર્ટમાં હાજર રહેતાં તેઓને ચાર્જશીટનાં કેસ પેપર્સની નકલો વિનામૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂદ્ધ આંક : ૩ થી તહોમતનામું ફરમાવી આરોપીઓને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીઓનો અનુક્રમે આંક : ૪, આંક : ૫ અને આંક : ૬ થી જવાબ લેતાં આરોપીઓએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને પોતાના વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૪.૧) સદર ગુનાની ટ્રાયલ દરમ્યાન ચાર્જશીટમાં દર્શાવેલ આરોપી નંબર : ૨ સુરજસિંગ જયસિંગ ઠાકોરનાઓ હાજર રહેતાં ન હોવાથી તેઓ વિરૂદ્ધ અવારનવાર સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ, પણ તેઓને બજવણી થઈ શકેલ ન હોવાથી અને અન્ય આરોપીઓ સામેની ટ્રાયલ વિલંબિત થતી હોવાથી આરોપી નંબર : ૧ અને ૩ નાઓએ આંક : ૮૪ થી આરોપી નંબર : ૨ સામેની ટ્રાયલ સેપ્રેટ કરવા અરજી કરેલ, જે અરજી અત્રેની અદાલત દ્વારા મંજૂર કરવામાં આવેલ અને આરોપી નંબર : ૨ સામેની ટ્રાયલ અલગ કરી આરોપી નંબર : ૧ અને ૩ નાઓ સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૫) ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ

રજૂ થયેલા છે.

(૬) હાલના કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રીએ આંક : ૮૦ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં આ કામના આરોપીઓનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાની આક્ષેપિત હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુનો તેઓએ કરેલ નથી અને તેઓને સદર ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. આરોપી નંબર : ૧ તરફે વિ. વકીલ શ્રી વી. આર. યાદવની તથા આરોપી નંબર : ૨ તરફે વિ. વકીલ શ્રી કે. યુ. મિસ્ત્રીની દલીલો સાંભળી.

(૮) સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓથી બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હતી એટલે કે સગીર વયના હતા તેવી હકીકત સ્પષ્ટપણે પૂરવાર થયેલ છે. ફરિયાદ લેનાર પોલિસ સાહેદે ફરિયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય તે મુજબનો પુરાવો આપેલ છે. આંક : ૪૩ નો પુરાવો જોતાં સગીર વયના ભોગ બનનાર સાથે આરોપી નંબર : ૧ નાએ શરીરસંભોગ કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે, જે પુરાવાને ન માનવાને કોઇ કારણ નથી. સાહેદ નંદલાલ પ્રજાપતિ તથા જયદીપભાઇ બારોટનાઓએ સદર ગુનાની તપાસ કરેલ છે. તેઓએ તપાસની કાર્યવાહીને સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થાય તે મુજબનો પુરાવો આપેલ છે. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીઓને દોષિત ઠરાવી સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૯) આ કામના આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી વી. આર. યાદવની તથા વિ. વકીલ શ્રી કે. યુ. મિસ્ત્રીની રજૂઆત છે કે, રજૂ થયેલ પુરાવાઓથી ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા તેવું પૂરવાર થયેલ છે, પરંતુ ભોગ બનનારને લાલચ આપી તેણીનું અપહરણ કરવામાં

આવેલ હોય કે તેણીની મરજી વિરૂદ્ધ શરીરસંભોગ કરવામાં આવેલ હોય તેવું પૂરવાર થઇ શકેલ નથી. ફરિયાદી તથા ભોગ બનનારના પુરાવામાં એવી હકીકત આવે છે કે, ફરિયાદી કામ બાબતે ભોગ બનનાર ઉપર ગુસ્સે થતાં ભોગ બનનાર ઘરે કોઇને કહ્યા વગર બહેનપણી/સગાસંબંદીઓને ત્યાં જતા રહેલા અને ગુસ્સો શાંત થતાં પરત ઘરે આવેલા. ભોગ બનનાર જે વ્યક્તિઓના ઘરે રહેલ તેઓને સાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી. ભોગ બનનારનો પુરાવો જોતાં આરોપીઓએ તેણીનું અપહરણ કરેલ હોય કે તેણી સાથે શરીરસંબંધ બાંધેલ હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. ભોગ બનનારના પુરાવાથી આંક : ૪૩ ની હિસ્ટ્રીની હકીકતને સમર્થન મળતું નથી. તપાસ અધિકારીઓએ ફરજ દરમ્યાન સદર ગુના સંદર્ભે કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો આપેલ છે, જેમાંથી આરોપીઓ વિરૂદ્ધની કહી શકાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. એફ.એસ.એલ.ના અહેવાલમાંથી પણ આરોપીઓની ગુનામાં સંડોવણી દર્શાવતી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરી શકેલ ન હોવાથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૧૦) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઇ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઊપસ્થિત થયેલા છે.

## -:: મુદ્દાઓ ::-

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા?

(૨) શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પૂરવાર કરે છે કે, તારીખ : ૨૩/૦૯/૨૦૨૨ ના રોજ ભોગ બનનાર દીકરી, ઉંમર ૧૫ વર્ષ, ૩ માસનીને આરોપી નંબર : ૧ સાથે લગ્ન કરાવવા માટે આરોપી નંબર : ૨ તથા નાસતા ભાગતા આરોપી મોનિકા ઉર્ફે મોનુનાઓ સમજાવી, ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી આરોપી નંબર : ૧ નાએ ભાડે કરી આપેલ મકાનમાં લઇ જઇ, આરોપી નંબર : ૧ ના

પાંડેસરા, જી.આઇ.ડી.સી. કોલોની, સાંઇ બાબા મંદિર પાસે આવેલા ઘર નંબર : ૧૫ માં ભોગ બનનારને મૂકી, આરોપી નંબર : ૧ નાએ ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી ભોગ બનનાર સાથે અવારનવાર શરીરસંબંધ બાંધી અને આરોપી સુરજસિંગ ઠાકોરનાઓએ આરોપી નંબર : ૧ ની ગેરહાજરીમાં એક–બે વખત ભોગ બનનાર સાથે શરીરસંબંધ બાંધી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૩) શું હુકમ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

(૧) હકારમાં.
(૨) નકારમાં.
(૩) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નંબર – ૧ :–**

(૧૨) હાલના આરોપીઓ વિરૂદ્ધ ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ના ગુનાઓ સંબંધે તહોમત મૂકવામાં આવેલ છે, જે તહોમત સાબિત કરવા માટે ફરિયાદપક્ષે સૌ પ્રથમ ભોગ બનનાર ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૨(ડી) મુજબ ૧૮ વર્ષથી નીચેની વયના સગીર વયના હતા કે કેમ તે સાબિત કરવાનું રહે. આ તબકકે નામ. સુપ્રિમ કોર્ટનો Jarnail Singh vs State of Haryana, (2013) 7 SCC 263 નો

ચુકાદો ધ્યાને લેવો જરૂરી બને છે. નામ. સુપ્રિમ કોર્ટે પેરા નંબર : ૨૦ માં ઠરાવેલ છે કે :–

> *"Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, to determine the age of the prosecutrix VW-PW6. The manner of determining age conclusively, has been expressed in sub-rule (3) of Rule 12 extracted above. Under the aforesaid provision, the age of a child is ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12(3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. In the scheme of Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, Rule 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. In case such an entry of date of birth is available, the date of birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. Only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12(3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion."*

(૧૩) સદર કામે આંક : ૨૯ ની ફરિયાદમાં ફરિયાદીએ પોતાની ભોગ બનનાર દીકરીની જન્મ તારીખ : ૧૦/૦૯/૨૦૦૭ જણાવેલ છે. આંક : ૩૫ થી રજૂ ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ તથા આંક : ૩૬ થી રજૂ ભોગ બનનારના બોનાફાઇડ સર્ટીફીકેટની નકલ જોતાં તેમાં પણ ભોગ બનનારની જન્મ તારીખ : ૧૦/૦૯/૨૦૦૭ દર્શાવવામાં આવેલ છે. ફરિયાદીનો આંક : ૨૮ નો પુરાવો તથા ભોગ બનનારનો આંક :૩૨ નો પુરાવો જોવામાં આવે તો તેમાં ભોગ બનનારની જન્મ તારીખ : ૧૦/૦૯/૨૦૦૭ જણાવવામાં આવેલ છે. ફરિયાદીએ પોતાના પુરાવામાં ભોગ બનનારની બનાવ સમયની ઉંમર પંદર વર્ષ જણાવેલ છે. આમ, ઉપરોકત દસ્તાવેજો તથા મૌખિક પુરાવાઓ ધ્યાને લેતાં ભોગ બનનારની જન્મ તારીખ : ૧૦/૦૯/૨૦૦૭ હોવાનું ફલિત થાય છે. ભોગ બનનારની આ જન્મ તારીખને બચાવપક્ષે પડકારેલ નથી. વળી, ભોગ બનનારની આ જન્મ તારીખ ખોટી હોવા સંબંધે કોઇ તકરાર પણ ઊપસ્થિત કરવામાં આવેલ નથી. ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના ન હતા તેવો પણ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ભોગ બનનારની જન્મ તારીખ : ૧૦/૦૯/૨૦૦૭ હોવાની હકીકત પૂરવાર થાય છે. ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનારની ઉંમર ૧૫ વર્ષ અને ૧૩ દિવસની હતી એટલે કે તેઓ સગીર વયના હતા તેવી હકીકત સ્પષ્ટપણે પૂરવાર થાય છે. આમ, ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા તેવી હકીકત ફરિયાદપક્ષ સ્પષ્ટપણે પૂરવાર કરી શકેલ હોવાથી **મુદ્દા નંબર : ૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૨ :–**

(૧૪) ફરિયાદપક્ષ તરફે ફરિયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે, તેઓને આંક : ૨૮ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદીનો પુરાવો જોતાં તેઓના પત્નીનું અવસાન થયેલ છે. ફરિયાદી બનાવના દિવસે બપોરના સાડા બારેક વાગ્યે નોકરી પરથી ઘરે આવેલા ત્યારે ભોગ બનનાર જોવા મળેલ નહીં, જેથી આજુબાજુના વિસ્તારમાં શોધખોળ કરેલ, પરંતુ ભોગ

બનનાર મળી આવેલ નહીં. ફરિયાદીના પુરાવા મુજબ તેઓએ કામ બાબતે ભોગ બનનાર ઉપર ગુસ્સો કરતાં તે કહ્યા વગર જતી રહેલી. તેઓએ બનાવ અંગે આંક : ૨૯ ની ફરિયાદ આપેલી. ફરિયાદીના પુરાવા મુજબ ભોગ બનનાર વીસ–પચ્ચીસ દિવસ બાદ ઘરે પરત આવેલી અને ભોગ બનનારે જણાવેલ કે, તેણી બહેનપણીને ત્યાં ગયેલ હતી. ભોગ બનનારને આરોપી સનીર અને મોનીનાઓ લલચાવી, ફોસલાવી લગ્ન કરાવવાના ઈરાદે અપહરણ કરી લઇ ગયા હોય તેવું બનેલ નથી. આ સાહેદ આરોપીઓને ઓળખતા પણ નથી. ફરિયાદીને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ઊલટતપાસમાંથી પણ એવી હકીકત જણાઇ આવે છે કે, ફરિયાદીએ કામ બાબતે ગુસ્સો કરતાં ભોગ બનનાર જતી રહેલી. ફરિયાદીએ જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનારની ઉંમરનું કોઇ સર્ટીફીકેટ પોલિસને આપેલ નહીં. ફરિયાદીએ એ હકીકત સ્વીકારેલ છે કે, આરોપીઓ પૈકી કોઇ પણ ભોગ બનનારને લઇ ગયેલ નથી કે તેણી સાથે ખરાબ કૃત્ય કરેલ નથી. આમ, ફરિયાદીનો પુરાવો જોતાં ભોગ બનનારનું અપહરણ થયું હોય કે તેણી સાથે બદ્કામ કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. ફરિયાદીએ કામ બાબતે ગુસ્સો કરતાં ભોગ બનનાર ઘર છોડીને બહેનપણીને ત્યાં જતી રહેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આરોપીઓએ બનાવમાં કોઇ ભાગ ભજવેલ હોય તેવી કોઇ હકીકત ફરિયાદીના પુરાવામાંથી જણાઇ આવતી નથી. આમ, ફરિયાદીના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૧૫) ભોગ બનનારનો આંક : ૩૨ નો પુરાવો જોઇએ તો, પિતા સાથે ઝઘડો થતાં તેઓ ઘરે કોઇને કહ્યા વગર ચાલી ગયેલા અને અલગ અલગ સગાસંબંધીઓને ત્યાં રહેલા. આ બાબતની ભોગ બનનારે ફરિયાદીને જાણ કરેલ નહીં. ભોગ બનનાર ખુદ જણાવે છે કે, આરોપીઓમાંથી કોઇએ પણ લલચાવી, ફોસલાવી તેણીને લઇ ગયેલ નથી કે કોઇ પણ આરોપીએ તેણી સાથે દુષ્કૃત્ય કરેલ નથી. ગુસ્સો શાંત થયા બાદ ભોગ બનનાર પોતાના ઘરે પરત આવી ગયેલા. ભોગ બનનારને કોર્ટમાં લઇ જવામાં આવેલા, ડૉકટર

સમક્ષ લઇ જવામાં આવેલા, જયાં પોલિસના જણાવ્યા મુજબની હકીકત લખાવેલી. ભોગ બનનારે ગુનાવાળી જગ્યા બતાવેલ નથી અને પોલિસે તેણીના કપડાં કબજે કરેલ નથી. સદર કામે આંક : ૩૩ થી ભોગ બનનારનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન તથા આંક : ૩૪ થી સી.ડી. તથા કાગળો રજૂ થયેલ છે. ભોગ બનનારને મુદ્દામાલ આર્ટિકલ નંબર : ૧ થી ૪ ના કપડાં ઓળખી બતાવેલ નથી. ભોગ બનનાર કયારેય આરોપીઓને મળેલ નથી. ભોગ બનનારને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ભોગ બનનારની ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, તેઓ આરોપીઓને ઓળખતા નથી અને કોઇ પણ આરોપી તેઓને લલચાવી, ફોસલાવીને ભગાડી લઇ ગયેલ નથી કે કોઇ દુષ્કૃત્ય કરેલ નથી. આમ, ભોગ બનનારનો પુરાવો જોતાં ફરિયાદીએ કામ બાબતે ગુસ્સો કરતાં તેણી સગાસંબંધીઓને ત્યાં જતી રહેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવ છે. અલબત્ત, ભોગ બનનાર કયા સગાસંબંધીઓને ત્યાં રહેવા ગયેલા તે અંગે કોઇ હકીકત જણાવતાં નથી. ભોગ બનનારના પુરાવાથી આંક : ૩૩ ના નિવેદનની હકીકતોને સમર્થન મળતું નથી. ભોગ બનનારનો પુરાવો જોતાં તેણીને લલચાવી, ફોસલાવી તેણીનું અપહરણ કરવામાં આવેલ હોય કે તેણી સાથે બદ્કામ કરવામાં આવેલ હોય તેવું પૂરવાર થતું નથી. ભોગ બનનાર આરોપીઓને ઓળખતા પણ નથી. આરોપીઓ વિરૂદ્ધની કોઇ જ હકીકત ભોગ બનનારના પુરાવામાંથી જણાઇ આવતી નથી. આમ, ભોગ બનનારનો પુરાવો ફરિયાદપક્ષને કોઇ રીતે મદદરૂપ બનતો નથી.

(૧૬) ફરિયાદપક્ષ તરફે તપાસવામાં આવેલા પોલિસ સાહેદોનો પુરાવો જોઇએ તો, આંક : ૪૭ ના સાહેદ દિલીપભાઇ સામસિંગભાઇ વસાવા પલસાણા પોલિસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ ઉપર હતા ત્યારે તારીખ : ૨૪/૦૯/૨૦૨૨ ના રોપ ફરિયાદીએ તેઓ રૂબરૂ ફરિયાદ આપતાં તેઓએ ફરિયાદ લઇ ગુનો રજીસ્ટર કરેલ. ફરિયાદ લઇ ગુનો દાખલ કરવા સિવાય બીજી કોઇ કાર્યવાહી સદર સાહેદે કરેલ નથી. આ સાહેદે ઊલટતપાસમાં સ્વીકારેલ છે કે, ફરિયાદમાં આ અજીતભાઇ તથા સુરજ ઠાકોરનું નામ જણાવવામાં આવેલ ન હતું.

(૧૭) તપાસ અધિકારી નંદલાલ મોહનભાઇ પ્રજાપતિનો આંક : ૪૬ નો પુરાવો જોઇએ તો, સદર સાહેદને ગુનાની તપાસ મળતા તેઓએ તપાસ શરૂ કરી ફરપિયાદીનું વિશેષ નિવેદન લીધેલ અને આગળની તપાસ શ્રી જે. જી. મોઢ, ઇન્ચાર્જ સી.પી.આઇ., બારડોલી સર્કલનાઓને સુપ્રત કરેલી. આમ, સદર સાહેદે ફકત ફરિયાદીનું વિશેષ નિવેદન લેવા સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી. તપાસ અધિકારી જયદીપભાઇ અમીતભાઇ બારોટનો આંક : ૬૫ નો પુરાવો જોઇએ તો, શ્રી જે. જી. મોઢનાઓ તરફથી આ સાહેદને તપાસ મળતાં તેઓએ ભોગ બનનારનું સી.વી.આર. ફોર્મ ભરી તેના આઇ.એમ.એ. નંબર સર્ચ માટે વિભાગીય પોલિસ અધિકારી, બારડોલીને આપેલ, આરોપી હરિયાણા રહેતાં હોવાથી ત્યાં એ.એસ.આઇ. તથા હેડ કોન્સ્ટેબલને મોકલવા ઉપરી અધિકારીને યાદી કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, ભોગ બનનારના કપડાં પંચનામા અન્વયે કબજે લીધેલ, આરોપીની શરીરસ્થિતિ તથા કપડાં કબજે કર્યાનું પંચનામું કરેલ, ભોગ બનનારના જન્મનું પ્રમાણપત્ર મેળવેલ, ભોગ બનનારની મેડિકલ તપાસ કરાવેલ, ભોગ બનનારનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવેલ, મુદ્દામાલ એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ અને પૂરતાં પુરાવા જણાતાં આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરેલું. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૬૬ થી રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર, આંક : ૬૭ થી એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ, આંક : ૬૮ થી એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર, આંક : ૬૯ થી એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ તથા સિરોલોજી તપાસણી અહેવાલ તથા આંક : ૭૦ થી આંક : ૭૯ સુધી મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલીઓ રજૂ થયેલ છે. આ સાહેદની ઊલટતપાસ જોઇએ તો, ભોગ બનનારના જન્મના પ્રમાણપત્ર તથા બોનાફાઇડ સર્ટીફીકેટની ખરાઇ કરાવેલ નથી. આ સિવાય તપાસની કાર્યવાહી અંગે પૂછવામાં આવેલા પ્રશ્નોનો તેઓએ ઇન્કારમાં જવાબ આપેલ છે. આમ, સદર સાહેદને શ્રી મોઢ તરફથી તપાસ મળતાં ચાર્જશીટ દાખલ કરવા સુધીની કાર્યવાહી કરેલી, જે

કાર્યવાહીને સદર સાહેદે પોતાના પુરાવાથી સમર્થન આપેલ છે. સદર સાહેદના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૮) ફરિયાદપક્ષ તરફે આંક : ૩૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક : ૩૮ થી ભોગ બનનારના કપડાં કબજે કર્યાનું પંચનામું, આંક : ૩૯ થી આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું રજૂ થયેલ છે. ઉપર ચર્ચા કરી તે મુજબ રજૂ થયેલ પુરાવાઓથી ભોગ બનનારનું અપહરણ થયાની કે તેણી સાથે દુષ્કૃત્ય થયાની હકીકત પૂરવાર થઇ શકેલ નથી, ત્યારે સમર્થનાત્મક સ્વરૂપના ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓનું ખાસ કોઇ મહત્વ રહેતું નથી. અલબત્ત, સદર દસ્તાવેજી પુરાવાઓમાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ આવતી નથી. ભોગ બનનારના પુરાવાથી તેણી સાથે શરીરસંભોગ થયેલ હોવાની હકીકત પૂરવાર થતી નથી, ત્યારે રજૂ તબીબી પુરાવાઓનું કોઇ જ મહત્વ રહેતું નથી. આંક : ૬૯ ના એફ.એસ.એલ.ના બાયોલોજી તથા સિરોલોજી પરીક્ષણ અહેવાલ જોતાં તેમાં ભોગ બનનારના તથા આરોપી નંબર : ૧ ના કપડાં ઉપર કે મેડિકલ નમૂનાઓમાં રૂધિર કે વીર્યની હાજરી મળી આવેલ નથી. આમ, એફ.એસ.એલ.નો અહેવાલ જોતાં તેમાંથી આરોપી નંબર : ૧ ની ગુનામાં સંડોવણી દર્શાવતી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૧૯) ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવી હકીકત પૂરવાર થાય છે, પરંતુ તેણીનું અપહરણ થયું હોય કે તેણી સાથે શરીરસંભોગ થયો હોય તેવું પૂરવાર થઇ શકેલ નથી. ફરિયાદીના જણાવ્યા મુજબ તેઓએ કામ બાબતે ગુસ્સો કરતાં ભોગ બનનાર બહેનપણીને ત્યાં જતી રહેલી. ભોગ બનનારના પુરાવા મુજબ તેમના પિતાએ કામ બાબતે ગુસ્સો કરતાં તેણી અલગ અલગ સંબંધીઓને ત્યાં જતી રહેલ. ભોગ બનનાર તથા ફરિયાદીનો પુરાવો જોતાં ભોગ બનનારને લાલચ આપી તેણીનું અપહરણ કરવામાં આવેલ હોય કે તેણી સાથે શરીરસંભોગ કરવામાં આવેલ હોય તેવી હકીકત જણાઇ આવતી નથી. આરોપીઓએ ગુનાના કામે શું ભાગ ભજવેલ તે ફરિયાદપક્ષ દર્શાવી શકેલ નથી. ફરિયાદી તથા ભોગ બનનારને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં

આવેલા છે. ભોગ બનનારના પુરાવાથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનની હકીકતને સમર્થન મળતું નથી. આંક : ૪૩ માં જણાવવામાં આવેલ ડૉકટર રૂબરૂની હિસ્ટ્રીની હકીકતને ભોગ બનનારના પુરાવાથી સમર્થન મળતું નથી. ભોગ બનનાર તથા ફરિયાદી આરોપીઓને ઓળખતાં પણ નથી. રજૂ થયેલ પુરાવાઓથી આરોપી નંબર : ૨ તથા નાસતા ભાગતા આરોપી મોનિકા ઉર્ફે મોનુએ સગીર વયના ભોગ બનનારને લલચાવી, ફોસલાવી તેણીનું અપહરણ કરી આરોપી નંબર : ૧ ની રૂમ ઉપર લઇ ગયા હોય અને આરોપી નંબર : ૧ નાએ ભોગ બનનાર સાથે અવારનવાર શરીર સંબંધ બાંધેલ હોય તથા આરોપી નંબર : ૧ ની ગેરહાજરીમાં સદર ગુનાના અન્ય આરોપી સુરજસીંગ ઠાકોરે ભોગ બનનાર સાથે શરીરસંભોગ કરેલ હોય તેવી હકીકત પૂરવાર થઇ શકેલ નથી. એફ.એસ.એલ.ના અહેવાલમાંથી આરોપીઓની ગુનામાં સંડોવણી દર્શાવતી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આરોપીઓને આક્ષેપિત ગુનાઓ સાથે સાંકળતો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર : ૨ નો નિર્ણય નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નંબર : ૩ ના નિર્ણય અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આરોપીઓ (૧) અજીતભાઇ સત્યવીરસિંગ ચૌધરી તથા (૨) સનીર ઉર્ફે મોટીયા સત્યવાન જાટનાઓઓને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન), ૧૧૪ તથા ધી પ્રૉટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઑફેન્સીસ એકટ : ૨૦૧૨ ની કલમ–૪, ૬, ૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ગુનાના અન્ય આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી બાકી હોવાથી મુદ્દામાલ અંગે હાલના તબકકે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૦ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૨૦/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
સ્પેશ્યલ જજ તથા
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594